જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,૨૫૬૩૦૩૦૦,૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨/૫/૨૦૧૫ શનિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ- સમાચાર યાદી નં.૮૭૭ /૧૫

# ગેરકાયદેસર ના દેશી બનાવટનો તમંચા સાથે એક ઇસમને ઝબ્બે કરતી એસઓજી અમદાવાદ શહેર.

નાયબ પોલીસ કમિશ્નર શ્રી દિપેન ભદ્રન ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમિશનર શ્રી બી.સી.સોલંકી એસ.ઓ.જી. ક્રાઇમ અમદાવાદ શહેર તથા પોલીસ ઇન્સ્પેકટર શ્રી બી.ડી.જાડેજા નાઓએ શહેરમાં કોઇ અનિચ્છનિય બનાવ ન બને તેની તકેદારી રાખવા તેમજ ગેરકાયદેસર હથિયારના ગુનાઓ શોધી કાઢવા સુચના કરેલ. જે અનુંસધાને અમદાવાદ શહેર વિસ્તારમાં પોસઇ શ્રી એ.કે.વડીયા તથા સ્ટાફના માણસો પેટ્રોલીંગ માં હતા. જે દરમ્યાન પો.કો કનકસિંહ નટવરસિંહ તથા પો.કો મહેન્દ્રસિંહ હઠીસિંહ નાઓની સંયુક્ત બાતમી હકીકત આધારે મુરારી શિવકુમાર વિશ્વકર્મા ઉવ. ૩૫ રહે. બી/૭ પારસનગર ભીલવાડા અમરાઇવાડી અમદાવાદ. મુળ ગામ. તુર્કીપુર જી. ઓરૈયા ઉત્તરપ્રદેશ. વાળાને અમરાઇવાડી ઘંટી બસ સ્ટેન્ડ સામે જૈન ચવાણા નામની દુકાન આગળ જાહેર રોડ ઉપર મળી આવતા જેની અંગ જડતી કરતા એક દેશી બનાવટનો તમંચો કિ.રૂ.૧૦૦૦/- નો મુદ્દામાલ મળી આવેલ. જેથી તેના વિરુધ્ધમાં હથિયારધારા મુજબ ધોરણસરની કાર્યવાહી કરેલ છે. આ અંગે મજકુર સદરહુ હથીયાર કેવા કારણસર લાવેલ છે કોને આપવાનુ છે તેમજ આ અંગે અગાઉ કોઇ ગુન્હા કરેલ છે કે કેમ તેની આગળની વધુ તપાસ એસ.ઓ.જી. ક્રાઇમ નાઓએ હાથ ધરેલ છે.

(ઇ.ચા.)નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)